*If you want to fly, We provide wings...*

# ICE®

# TRENDING CURRENT

## TOPIC 66

## FOREIGN DIRECT INVESTMENT



**ચર્ચામાં શા માટે ?**

**FDIમાં સુધારા અને તેમના કારણો વિશે :**

**ભારતમાં ચીની રોકાણ વિશે :-**


સંપાદક

મૌલિક ગોંધિયા

(Director - ICE)


**TOPIC-66નો**
**વીડિયો જોવા માટે અહી**
**CLICK કરો**

YouTube
ICE RAJKOT
SUBSCRIBE
માટે અહી
CLICK કરો


અમારી સાથે જોડાયેલા રહો :

www.iceonline.in t.me/icerajkotofficial 9375701110/9328001110

# ચર્ચામાં શા માટે ?

- તાજેતરમાં COVID-19ને કારણે ઉભા થયેલા પડકારો ધ્યાનમાં રાખીને દેશમાં જુદા જુદા પ્રદેશોથી જોડાયેલ કંપનીઓમાં ભારતના પડોશી દેશોનું 'સિધુ વિદેશી રોકાણ' (Foreign Direct Invetment-FDI) માટે સરકારની પરવાનગી ફરજિયાત કરવામાં આવી છે.

## FDIમાં સુધારા અને તેમના કારણો વિશે :

- ઉદ્યોગ સમૃદ્ધિ અને આંતરિક વેપાર વિભાગ દ્વારા આપવામાં આવેલી માહિતી અનુસાર ભારતની ભૂમિ સરહદોની સાથે જોડાયેલ તમામ દેશોને ભારતમાં રોકાણો માટે સરકારની પરવાનગીની જરૂર પડશે.
- હાલમાં ભારત 7 દેશો પાકિસ્તાન, અફઘાનિસ્તાન, નેપાળ, ચીન, ભૂટાન, બાંગ્લાદેશ અને મ્યાનમાર સાથે જમીનની સરહદો ધરાવે છે.
- આ ઉપરાંત હાલના સુધારા પછી પાકિસ્તાનના કોઈ નાગરિક અથવા સંસ્થાઓ સંરક્ષણ, અવકાશ, પરમાણુ ઊર્જા અને FDI નિયમો હેઠળ પ્રતિબંધિત વિસ્તારો અથવા પ્રવૃત્તિઓ સિવાય અન્યક્ષેત્રોમાં સરકારની પરવાનગી પછી રોકાણ કરી શકશે.
- કેન્દ્ર સરકાર દ્વારા આ નિર્ણય COVID-19ના કારણે સર્જાયેલા આર્થિક દબાણ વચ્ચે ભારતની કંપનીઓના તકો સંપાદન (Opportunistic Takeovers/Acquisitions)ને અટકાવવા માટે લેવામાં આવ્યો છે.
- તાજેતરમાં હાઉસિંગ ફાઈનાન્સ કંપની એચ.ડી.એફ.સી.એ જણાવ્યું હતું કે હાલમાં ચીનની સેન્ટ્રલ બેંક 'People's Bank of China' નો હિસ્સો વધીને 1.1% થયો છે.
- ભારતીય કંપનીઓમાં ચાઈનીઝ ખાનગી ક્ષેત્ર દ્વારા રોકાણમાં વધારો કરવો એ ભારતીય નિયમનકારો માટે એક મોટો પડકાર બની ગયો છે, કારણ કે ચીની સરકાર દ્વારા નિયંત્રિત કંપનીઓ અને ખાનગી ક્ષેત્રની વચ્ચે ભેદ પાડવાનું ખૂબ મુશ્કેલ છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- ચીનની ખાનગી ક્ષેત્રની ઘણી કંપનીઓ સરકારી યોજનાઓ અને સેન્સરશીપ જેવા પ્રયત્નોમાં મુખ્ય ભૂમિકા ભજવે છે.

## ભારતમાં ચીની રોકાણ વિશે :-

- તાજેતરમાં જાહેર થયેલા એક રિપોર્ટ મુજબ વર્ષ 2014 સુધીમાં ભારતીય કંપનીઓમાં કેટલાક ચીની રોકાણ માત્ર 1.6 મિલિયન યુ.એસ. ડોલર હતું. જેમાંથી મોટા ભાગે ચીનની સરકારી કંપનીઓ દ્વારા ઈન્ફ્રાસ્ટ્રક્ચર (Infrastructure)માં રોકાણ કરવામાં આવ્યું હતું.
- વર્ષ 2017 સુધીમાં આ રોકાણ પાંચ ગણાથી વધુ વધીને 8 અબજ યુ.એસ. ડોલર સુધી પહોંચ્યું છે અને માર્ચ 2020માં ભારતીય કંપનીઓમાં ચીનની સરકારી અને બિન-સરકારી સંસ્થાઓનું રોકાણ વધીને 26 અબજ ડોલર થયું હતું.
- વર્ષ 2017માં સાંઘાઈની 'ફોસૂન' (Fosun) નામની કંપની દ્વારા હૈદરાબાદ સ્થિત ગ્લેન્ડ ફાર્મામાં 1.09 મિલિયન યુ.એસ. ડોલરના રોકાણ સાથે કંપનીમાં તેનો હિસ્સો વધીને 74% થયો છે.
- છેલ્લા કેટલાક વર્ષમાં ચીનની ખાનગી ક્ષેત્રની કંપનીઓએ ભારતના બજારમાં ટેલિકોમ, પેટ્રોકેમિકલ, સોફ્ટવેર અને આઈ.ટી. જેવા વિવિધ ક્ષેત્રોમાં રોકાણ વધાર્યું છે.
- ફેબ્રુઆરી 2020માં બહાર પાડવામાં આવેલા એક રિપોર્ટ મુજબ, ઘણી મોટી ચીનની કંપનીઓ જેમ કે અલીબાબા (Alibaba) અને ટેન્સેન્ટે (Tencent) ઓછામાં ઓછો 92 ભારતીય સ્ટાર્ટઅપમાં રોકાણ કર્યું છે.
- FDIમાં ફેરફાર કર્યા પછી વિવિધ ક્ષેત્રમાં વિદેશી રોકાણ પર વધુ સારી દેખરેખ રાખવામાં આવશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ**
**તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે**
**નીચે આપેલા અમારા**
Social Media Icon **પર** Click **કરો.**

**JOIN OUR TELEGRAM**
t.me/icerajkotofficial

YouTube
ICE RAJKOT

Instagram
ICE RAJKOT

Facebook
like | comment | share
ICE RAJKOT

twitter
ICE RAJKOT